વિકલાંગ વ્યક્તિઓ માટે શિષ્યવૃત્તિ
તેમજ સાધન સહાય મેળવવા માટેની
આવક મર્યાદામાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૮/૧૪૧૭/છ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- ૨/૯/૧૯૯૮.

**વંચાણમાં લીધા :-**

(૧) સમાજ કલ્યાણ વિભાગના તા.૨૮-૩-૧૯૮૯ ના ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૮૭/ન.૧૭/છ.

(૨) સમાજ કલ્યાણ વિભાગના તા.૩/૧૦/૯૧ના ઠરાવ ક્રમાંક:-અપગ/૧૦૯૦/૪૭૫૬/છ

(૩) સમાજ કલ્યાણ વિભાગના તા.૧૫/૨/૯૫ના ઠરાવ ક્રમાંક:-બજટ/૧૦૯૪/૧૨૪૪/છ.

**ઠરાવ :-**

આમુખમાં ક્રમાંક-(૧) અને (૩) માં દર્શાવેલ ઠરાવો અન્વયે અંધ, બધિર, તથા અસ્થિ વિષાયક ખામી ધરાવતા અને પ્રાથમિક તથા માધ્યમિક શાળાના અપંગ વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસક્રમ તથા ટેકનીકલ અભ્યાસક્રમ માટે શિષ્યવૃત્તિ આપવાની યોજના અમલમાં છે. આમુખ ક્રમાંક-(૨) માં દર્શાવેલ ઠરાવની જોગવાઇ અનુસાર અપંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક/ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા સહાય આપવાની યોજના પણ અમલમાં છે. ઉક્ત બન્ને યોજનાઓની સહાય મેળવવા હાલ વાર્ષિક આવક મર્યાદા રૂા.૧૦,૦૦૦/- (રૂપીયા દશહજાર) ની નિયત કરવામાં આવી છે. પરંતુ રાજ્યની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ગરીબી રેખા નીચે જીવતા તમામ લોકોને મળે તેવો સરકારના અભિગમને અનુલક્ષીને, કલ્યાણકારી યોજનાઓમાં લાભાર્થીઓ માટે આવક મર્યાદા રૂા.૧૧,૦૦૦/- (રૂપિયા અગિયાર હજાર પૂરા) નિયત કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

૩. આ બાબતની કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રીએ રાજ્યના વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ મેળવવા માટે અરજદાર વિદ્યાર્થીના માતાપિતા કે વાલીની આવક મર્યાદા રૂા.૧૦,૦૦૦/- થી વધારીને વાર્ષિક આવક મર્યાદા રૂા.૧૧,૦૦૦/- (રૂપિયા અગિયાર હજાર પૂરા)



..૨..

૫૬



રાખવાનું ઠરાવેલ છે. તેજ ધોરણે વિકલાંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી સાધનો ખરીદવા માટે સહાયની યોજના હેઠળ કૌટુંબિક આવક મર્યાદા હાલની રૂા.૧૦,૦૦૦/- (રૂપિયા દશ હજાર પૂરા) થી વધારીને રૂા.૧૧,૦૦૦/- (રૂપિયા અગિયાર હજાર પૂરા) રાખવાનું આથી ઠરાવવામાં આવે છે. આ યોજનાઓ માટેની તમામ શરતો/નિયમો અગાઉના ઠરાવ મુજબ યથાવત રહે છે.

૪. આ અંગેનો ખર્ચ બજેટ સદર ''ડીમાન્ડ નં.-૯૦, મુખ્ય સદર-૨૨૩૫, સામાજીક સુરક્ષા કલ્યાણ હેઠળના એસસીડબલ્યુ-૮ : વિકલાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમજ એસ.સી.ડબલ્યુ.-૯: અપંગોને કૃત્રિમ અંગો અને શૈક્ષણિક તથા શ્રાવ્ય સાધનો પૂરા પાડવા' હેઠળ થયેલ જોગવાઈમાંથી પ્રથમ તબક્કે મેળવવાનું રહેશે. ત્યારબાદ જરૂર જણાયેથી વધારાની રકમ આકસ્મિક નીધિમાંથી ફંડ ઉપાડવા માટે અથવા આઠ માસિક અંદાજોમાં જોગવાઈ કરવા માટે યોગ્ય સમયે જરૂરી દરખાસ્ત નિયામકશ્રીએ મોકલી આપવાની રહેશે.

૫. આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગની તા.૩૧/૮/૯૮ની નોંધથી મળેલ અનુમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સહી)
( એચ. સી. કડીયા )
ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

નકલ રવાના પ્રતિ,

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

માન.સમાજ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી. ''

માન.મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો.

નાણાં સલાહકારશ્રી, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, અમદાવાદ.

સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતા મારફત)



.3.

મહાલેખાધિકારીશ્રી, અમદાવાદ/રાજકોટ.
સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
નિવાસી હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
વિભાગની સર્વે શાખાઓ.
મદદનીશ પસંદગી ફાઈલ
પસંદગી ફાઈલ 'છ' શાખા.

મહેતા/૨૯/સ્ટે.